*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC
54

## ઈન્ડોનેશિયાનું દરિયાઈ ક્ષેત્ર




ચર્ચામાં શા માટે ?

ઈન્ડોનેશિયાના દરિયાઈ ક્ષેત્ર વિશે

નાઈન-ડૈશ લાઈન વિવાદ :-

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-54નો**
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરના વર્ષોમાં દક્ષિણ ચીન સમુદ્રમાં સ્થિત ઈન્ડોનેશિયા અને અન્ય દેશોની દરિયાઈ સરહદોમાં ચીની માછીમારો અને કોસ્ટગાર્ડની પ્રવૃત્તિઓમાં વધારો થયો છે.
- ચીનની વધતી જતી દખલગીરી માછીમારો તેમજ આ ક્ષેત્રના દેશોની સર્વભૌમ સરકારો માટે એક મોટો પડકાર બની ગયો છે.

## ઈન્ડોનેશિયાના દરિયાઈ ક્ષેત્ર વિશે

- છેલ્લા કેટલાંક વર્ષોમાં તક્નીકી અને આર્થિક ક્ષેત્રમાં વિકાસ સાથે ચીને તેની સૈન્ય શક્તિમાં નોંધપાત્ર વધારો કર્યો છે. અને તેના ઉપયોગથી તે આ ક્ષેત્રમાં તેની સરહદને વિસ્તૃત કરવા માટે તે આમ કરી રહ્યું છે.
- ફેબ્રુઆરી 2020માં ચાઈનીઝ કોસ્ટગાર્ડની સહાયથી ચીની માછીમારોએ ઈન્ડોનેશિયાના નાતુના દરિયાઈ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો જેના કારણે સ્થાનિક માછીમારોએ પીછેહઠ કરવી પડી હતી.
- ચીન પોતે પણ નાતુના દરિયાઈ ક્ષેત્ર પર ઈન્ડોનેશિયાના અધિકારને સ્વીકારે છે. તેમ છતાં ચીનના વિદેશ મંત્રાલયે તેને 'ટ્રેડિશનલ ફિશિંગ ગ્રાઉન્ડ' (Traditional Fishing Ground) તરીકે ઓળખાવે છે.
- ચીની માછીમારો ઈન્ડોનેશિયાની દરિયાઈ સરહદમાં પ્રવેશ કરીને આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન તો કરે છે, પણ તેની સાથે ચીની માછીમારો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતા સ્ટીલ સાધનોના કારણે સમુદ્રી જૈવ પ્રણાલીનો પણ નાશ કરે છે.
- ફેબ્રુઆરી 2020માં ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિની નાતુના ટાપુઓની મુલાકાત દરમિયાન ઈન્ડોનેશિયન એરફોર્સ અને નૌકાદળે ચીનને એક મજબૂત સંદેશ પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાઈન-ડૈશ લાઈન વિવાદ :-

- એક અનુમાન મુજબ વિશ્વના કુલ દરિયાઈ વેપારનો 30 ટકા હિસ્સો દક્ષિણ ચીન સમુદ્રમાંથી પસાર થાય છે.
- વર્ષ 2017માં આ દરિયાઈ માર્ગમાં વાર્ષિક વેપારનું મૂલ્ય 5 ટ્રિલિયન યુ.એસ. ડોલર હતું.
- મલક્કા જળસંધિ (Malacca Strait) દ્વારા આ ક્ષેત્ર હિંદ મહાસાગર અને પ્રશાંત મહાસાગરને જોડતો ટૂંકો માર્ગ આપે છે.
- દક્ષિણ ચીન-સમુદ્રને દરિયાઈ જૈવ-વિવિધતા તેમજ ખનિજ તેલ અને કુદરતી ગેસના વિશાળ ભંડાર તરીકે ઓળખવામાં આવે છે.
- વર્ષ 1949થી ચીન નાઈન-ડૈશ લાઈન (આ ક્ષેત્રના નકશા પર ચીન દ્વારા દોરેલી 9 આભાસી રેખાઓ) દ્વારા મોટા ભાગના દક્ષિણ ચીન સમુદ્ર પર પોતાના અધિકારનો દાવો કરે છે.
- ઈન્ડોનેશિયા સિવાય, આ ક્ષેત્રના અન્યો દેશો જેમ કે વિયેતનામ, મલેશિયા, બ્રુનેઈ અને ફિલિપાઈન્સ વગેરેએ દક્ષિણ ચીન સમુદ્રમાં ચીનના આક્રમક દખલનો વિરોધ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM

t.me/icerajkotofficial

YouTube

ICE RAJKOT

Instagram

ICE RAJKOT

Facebook

like | comment | share

ICE RAJKOT

twitter

ICE RAJKOT